# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 24-05-2025 Day: Saturday Evening: 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રીની કચ્છ મુલાકાત-૧

**ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવશે. 26 અને 27 મેદરમિયાન તેઓ દાહોદ , ભુજ અને ગાંધીનગરમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પ્રવાસ દરમિયાન 26 તારીખે ભુજ-મિરઝાપર રોડ પર યોજાનારા કાર્યક્રમમાં પ્રધાનમંત્રીના હસ્તે 53,414 કરોડ રૂપિયાના ખર્ચે 33 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.**

**જેમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ , માર્ગ અને મકાન વિભાગ , પાણી પુરવઠા વિભાગ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ,પાવરગ્રીડ તેમજ દીનદયાલ પોર્ટ ઓથોરિટીના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.**

**કચ્છ ઉપરાંત, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ, તાપી અને મહિસાગર જિલ્લાને વિવિધ વિકાસકામોની ભેટ મળશે.**

---

## પ્રધાનમંત્રીની કચ્છ મુલાકાત-૨

**લોકાર્પણ થનાર કચ્છના વિકાસકાર્યોની વાત કરીએ તો , મંજલમાં 10 મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ, લાકડિયા ખાતે 35 મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ, લાયજા-બાડા-માપર-મોડકુબા-લઠેડી-સાંધાણ-સુથરી રોડનું વિસ્તરણ અને મજબૂતીકરણ તથા ભિરંડીયારા-હોડકો-ધોરડો ટેન્ટ સિટી માર્ગનું વિસ્તરણ અને મજબૂતીકરણનો**

સમાવેશ થાય છે. આ ઉપરાંત , કંડલા ખાતે ઓઇલ જેટી નં. 8, કાર્ગો જેટી વિસ્તારમાં ડોમ અને ટ્રાન્ઝિટ સ્ટોરેજ ગોડાઉન્સ , અદિપુરથી કાર્ગો બર્થ 16 અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ 141 સુધી જવા માટે વધારાનું માર્ગ જોડાણ, ગોપાલપુરીની પોર્ટ કોલોનીમાં ડી ટાઇપ ક્વાર્ટર્સ, ગાંધીધામની ડી.પી.એ. વહીવટી કચેરીમાં સેંટર ઓફ એક્સલન્સ, માતાના મઢ ખાતે મંદિર પરિસર, ખાટલા ભવાની, ચાચર કુંડ સહિતના વિસ્તારનો વિકાસ અને સુવિધાઓનું પણ લોકાર્પણ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રીની કચ્છ મુલાકાત-3

જયારે ખાતમુહૂર્ત થનારા વિકાસકાર્યોમાં ખાવડાના નવનિર્મિત રિન્યુએબલ એનર્જી ઝોનમાંથી વીજ પુરવઠા માટે 800 કે.વી. HVDC પ્રોજેક્ટ,ખાવડા રીન્યુએબલ પાર્કમાંથી વધારાની 7 GW વીજ પુરવઠા માટે ટ્રાન્સમિશન સિસ્ટમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, મેવાસા સબસ્ટેશન, ગાંધીધામ શહેરમાં વાવાઝોડા પ્રતિરોધક અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ નેટવર્ક, પાલાસવા-ભીમસર-હમીરપુર-ફતેગઢ સીસી રોડ નિર્માણ, કોટડા-બિટ્ટા રોડનું મજબૂતીકરણ , ભુજથી નખત્રાણા સુધી ચાર લેન હાઇ સ્પીડ કોરિડોર, અબડાસામાં જૂથ પાણી પુરવઠા યોજના , કંડલા ખાતે 10 મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સુવિધાનું નિર્માણ તથા ધોળાવીરા ખાતે પ્રવાસન આંતરમાળખાનું નિર્માણ સહિતના કામોનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## ગુજરાત એ.ટી.એસ.

ગુજરાત આતંકવાદ વિરોધી દળ- ATSની ટુકડીએ રાષ્ટ્રીય સુરક્ષાને લગતી ગુપ્ત માહિતી પાકિસ્તાનના એજન્ટને મોકલનાર જાસૂસની કચ્છમાંથી ધરપકડ કરી છે.

ગુજરાત ATS દ્વારા બહાર પાડવામાં આવેલી સત્તાવાર વિગતો મુજબ , લખપત તાલુકાના નારાયણ સરોવરના રહેવાસી અને માતાના મઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નોકરી કરતા સહદેવસિંહ ગોહિલ બી.એસ.એફ. અને નૌકા દળ અંગેની રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતીને લગતી ખુબ જ સંવેદનશીલ માહિતી દુશ્મન દેશ પાકિસ્તાનના એજન્ટને વોટસએપના માધ્યમથી મોકલે છે તેવી ગુપ્ત બાતમી મળી હતી. જેના આધારે ATS એ ટીમ બનાવી વધુ તપાસ હાથ ધરીં હતી. જેમાં આ પકડાયેલા આરોપીએ બી.એસ.એફ. અને નૌકા દળના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારમાં ચાલતા બાંધકામ અને નવા થનાર બાંધકામ અંગેના ફોટોગ્રાફ અને વિડીયો સહિતની માહિતીઓ વોટ્સએપના માધ્યમથી પાકિસ્તાની એજન્ટને આપી હોવાનું અને તેના બદલે પાકિસ્તાની એજન્ટ દ્વારા આર્થિક ફાયદો મેળવ્યો હોવાનું ખુલ્યું છે. આરોપી સહદેવસિંહના મોબાઈલ ફોનને FSL ખાતે ફોરેન્સિક વિશ્લેષણ માટે મોકલવામાં આવ્યો હતો. જેમાંથી પાકિસ્તાની મહિલા એજન્ટ સાથેની વોટ્સએપ ચેટ અને કોલ તેમજ મોકલેલ સંવેદનશીલ માહિતીના જરૂરી પુરાવા મળી આવેલ છે. આરોપી વિરુદ્ધ ગુજરાત એ.ટી.એસ. ખાતે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 122 મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. તેમજ આકાશવાણી ભુજ પરથી મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટીન આવતીકાલે સાંજે ૦૭ વાગીને ૫ મીનીટે પ્રસારિત કરાશે.

-----------------------------------------------------------------------------------

## આઇપીએલ

IPL  T20 ક્રિકેટમાં , આજે પંજાબ કિંગ્સ , જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7.30 વાગ્યે રમાશે.

-----------------------------------------------------------------------------------